ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

ચૈત્ર મહિનાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ચૈત્ર મહિનામાં લીમડાના મોરનો રસ પીવામાં આવે છે. એવુ કહેવામાં આવે છે કે ચૈત્ર માસમાં લીમડાના મોરનો રસ પીવાથી આખુ વર્ષ નિરોગી રહેવાય છે. જૂના સચિવાલયના ગેટ પાસે લીમડાના મોરનું વેચાણ શરૂ થઈ ચૂક્યુ છે.

શહેર-જિલ્લામાં કોરોનાના ૪ કેસ

સે. ૨૨, સરગાસણ અને કુડાસણમાંથી કેસ મળી આવ્યા : કલોલના શનાવાડ ગામમાં વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે વધુ ૪ કેસ નોંધાયા છે. શહેરમાં આજે વધુ ૩ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧ કેસ નોંધાયો છે.

શહેર-જિલ્લામાં હાલ કોરોનાના ૨૪ જેટલા કેસો એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલ ૩ કેસ સાથે કોરોનાના નવા કેસોની સંખ્યા ૧૩ થઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૫ જેટલી થવા જાય છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસો મહિલાઓમાં વધુ નોંધાઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા થોડીક વધી છે. તંત્ર દ્વારા તબીબોને સતર્ક રહી અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા સૂચનાઓ આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ત્રણ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલ ત્રણ કેસમાં એક મહિલા દર્દી અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

સે. ૨૨માંથી એક ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. સરગાસણ ગામમાંથી ૫૯ વર્ષીય મહિલા તેમજ કુડાસણમાંથી ૩૨ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સરગાસણ અને કુડાસણ વિસ્તાર અગાઉની લ્હેરોમાં પણ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી આવ્યા હતા. આ વિસ્તારોમાંથી છુટા છવાયા કેસો મળવાની શરૂઆત થતાં તંત્રની ચિંતા વધી છે.

આજે નોંધાયેલ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે નોંધાયેલા ૩ કેસ સાથે શહેરમાં હાલ ૧૧ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જે પૈકી એક દર્દી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે જ્યારે ૧૦ દર્દી હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. બધા દર્દીની સ્થિતિ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

આજે નોંધાયેલ ૩એ દર્દી કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતા હોવાનું જાણવા મળેલ છે. તેઓ કેવી રીતે સંક્રમિત થયા તેની વિગતો તંત્ર દ્વારા એકત્ર કરાઈ રહી છે. જો કે આ દર્દીઓના સંપર્કમાં આવેલ લોકોની યાદી પણ તૈયાર કરવામાં આવી રહી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કલોલ તાલુકામાં કેસ નોંધાયો છે. રાંચરડા પ્રા.આ. કેન્દ્રના શનાવાડ ગામેથી આ કેસ નોંધાયો છે.

શનાવાડમાં વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં તંત્રએ ૧૬૦ થી વધુ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસો સતત વધી રહ્યા હોવાથી તંત્ર ચોંક્યુ છે. જે ઝડપે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રએ પણ હવે ટેસ્ટીંગ વધારવા પર તેમજ કોરોનાથી બચવા શુ કરવુ તેમજ હોમ આઈસોલેશનમાં શું કાળજી લેવી તે અંગેની વિગતો સાથેની જાણકારી આપવા સાથેનું જનજાગૃત્તિ અભિયાન પણ આરંભી દીધુ છે.

સેકટરોના આંતરિક માર્ગો પર ડામર અદ્રશ્ય : કાદવ કિચ્ચડના થર જામ્યા

આડેધડ ખોદકામ અને યોગ્ય પુરાણના અભાવે સેકટરવાસીઓમાં આક્રોશ : આડેધડ ખોદકામના લીધે માર્ગ સલામતી પણ જોખમાઇ : વરસાદી દિવસોમાં ઘર આંગણે જ કાદવ કિચ્ચડના થર જામ્યા

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં બહારગામથી આવતા મુલાકાતીઓ પણ રોડ નેટવર્કથી બેઘડી પ્રભાવિત થાય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ મામલે વિપરિત સ્થિતિ સર્જાઇ છે. નગરના માર્ગોની હાલત છેવાડાના ગામડાઓથી પણ બદતર બનતી જાય છે. સેકટરોમાં પાણી ગટરની નવી લાઇન નાંખવા માટે ઠેર ઠેર આડેધડ ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ તેમજ માર્ગો પરના ગાબડા પુરવા માટે ડામર કામ ન થતા સ્થાનિકો માટે સેકટરોના આંતરિક માર્ગો પર જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ છે. હાલ વરસાદી દિવસોમાં આ સ્થિતિ વચ્ચે ડામર માર્ગો પર કાદવ કિચ્ચડની પથારી થઇ ગઇ છે. સતત ઉડતી ધુળના લીધે પણ સ્થાનિકોના આરોગ્ય સામે ખતરો મંડરાયો છે. આવા સંજોગોમાં માર્ગ રીસરફેસીંગનુ કામ હાથ ધરતા પણ હજુ સમય લાગે તેમ છે. ત્યારે માર્ગો પર ગાબડા પુરવા તેમજ યોગ્ય પુરાણ કરવા માટે પણ યોગ્ય કામગીરી શરૂ કરવામાં આવે તે પણ અનિવાર્ય છે.

ગાંધીનગરના સેકટરોમાં હાલ નજર નાંખો ત્યાં માર્ગોની હાલત છેવાડાના ગામડાથી બદતર જોવા મળે છે. એકબાજુ પાણી ગટરની નવી લાઇન નાંખવા માટે તંત્ર દ્વારા ઠેર ઠેર રસ્તા ખોદી નાંખવામાં આવ્યા છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારમાં અગાઉ સ્ટોર્મ વોટર લાઇનના ખોદકામના લીધે પણ માર્ગો પર જે સી બી ફેરવી દેવાતા માર્ગોની હાલત અત્યંત ઉબડ ખાબડ જોવા મળે છે. એટલુ જ નહી પરંતુ પાણી ગટરની લાઇન નાંખવાનુ કામ પુર્ણ થતા હજુ સમય લાગે તેમ છે. ત્યારે માર્ગો પર યોગ્ય પુરાણ પણ કરવામાં આવતુ નથી જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો પર માર્ગ સલામતી જોખમાઇ છે. જયારે હાલ કમોસમી વરસાદના સંજોગોમાં સેકટરોના માર્ગો પર કાદવ કિચ્ચડનુ સામ્રાજય જોવા મળે છે. જેના લીધે સ્થાનિકો ખદબદતી ગંદકીથી પરેશાન છે. શહેરના માર્ગોને અનુલક્ષી રીસફેસીંગની કામગીરી હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે. શહેરના નવા સેકટરોમાં પણ માર્ગ રીસરફેસીંગની કામગીરીને અંદાજિત ૫ વર્ષથી વધુ સમય થઇ ગયો છે. ત્યારે સેકટરોમાં માર્ગ સુધારણાનુ કામ ત્વરિત હાથ ધરવામાં આવે તેવી માંગ પણ સમયાંતરે ઉઠતી રહે છે. જયારે જુના સેકટરોમાં પણ આવી જ સ્થિતિ છે. એપ્રોચ માર્ગો અને રીંગ રોડના વાઇડનીંગની યોજનાના લીધે ઘણાં ઠેકાણે માર્ગોની હાલત ખરાબ થઇ છે. બીજીતરફ રીંગ રોડના વાઇડનીંગના આયોજનને અનુલક્ષીને પણ આક્રોશ પ્રવર્તયો છે. સેકટરોમાં વિવિધ પ્રકારની લાઇનના ખોદકામના લીધે માર્ગો અને ફુટપાથની હાલત દિનપ્રતિદિન કંગાળ બનતી જાય છે. આવા સંજોગોમાં સેકટરોમાં રહીશોના ઘર આંગણે આડેધડ ખોદકામ કરીને માટીના ઢગ સ્થળ પર મુકી યોગ્ય પુરાણ કરવામાં આવતુ નથી ડામર રસ્તાઓ પર

● અનુસંધાન પાન-૭ પર

૫ મી એપ્રિલથી મતદારયાદી સુધારણા ઝુંબેશ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૨

આગામી ૫ મી એપ્રિલથી ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી સુધારણા ઝુંબેશનો પ્રારંભ થશે જે ૨૦-૪-૨૩ સુધી ચાલશે.

રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ સંપન્ન થયા બાદ પહેલીવાર મતદારયાદી સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આ મતદારયાદીમાં ખાસ ઝુંબેશના દિવસો હવે પછી રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરવામાં આવશે.

ચૂંટણી પંચે હવે ત્રણવાર મતદારયાદી પ્રસિદ્ધ કરવાનો નિર્ણય કર્યો છે. આ મતદારયાદી સુધારણાને અંતે ૧૦મી મે ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે મતદારયાદી ૧-૪-૨૩ના રોજ ૧૮ વર્ષની વય પુરી કરી રહ્યા છે તેવા મતદારોની નોંધણી કરવા ઉપરાંત એપિક કાર્ડમાં સુધારા-વધારા સાથેની કામગીરી હાથ ધરવામાં આવશે.

શહેરમાં વોક-વે પર વૃક્ષોના કપાયેલા થડીયા યથાવત

વોકીંગ કરનારા ગોથુ ખાય જાય તેવી જોખમી સ્થિતિ : અનેકવાર રજુઆતના અંતે પણ આ સમસ્યાનુ નિરાકરણ આવતુ નથી : ચ- ૩ થી ઘ-૩ જવાના માર્ગમાં ફુટપાથ પર ઠેર ઠેર થડીયા અવરોધરૂપ થતા સ્થાનિકોમાં રોષ

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરના માર્ગો આસપાસ સ્થિત ફુટપાથ લાંબા સમયથી ચિથરેહાલ છે. એકબાજુ માર્ગ વાઇડનીંગ અને નવી લાઇન નાંખવાની સતત ખોદકામગીરીના લીધે રસ્તાઓની સાથે ફુટપાથ પણ ખુંદાયેલી હાલતમાં જોવા મળે છે. ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. પરંતુ છેલ્લા ત્રણ ચાર વર્ષથી ફુટપાથની જાળવણીના નામે મીંડુ છે. સમસ્યાઓથી ઘેરાયેલી ફુટપાથ પર વૃક્ષોના તોતિંગ ડાળાઓ પણ નમેલા હોવાથી વોકીંગ કરનારને અડચણ ઉભી થઇ છે. જયારે તુટેલા કે કપાયેલા વૃક્ષોના થડીયા પણ વોક વે વચાળે જ હજુ યથાવત હોવાથી વોકીંગ કરનાર ગમે ત્યાર ગોથુ ખાઇ જાય તેવી સ્થિતિ છે. શહેરના ચ- ૩ થી ઘ-૩ માર્ગ વચ્ચે

આવી જ સ્થિતિ જોવા મળે છે. આ સમસ્યાનુ નિરાકરણ લાવવા માટે અગાઉ પણ અનેકવાર રજુઆત કરવામાં આવી છે. આમછતા હજુ સુધી જોખમી સ્થિતિનિ નિવારણ આવ્યુ નથી.

ગાંધીનગરમાં ફુટપાથની હાલત લાંબા સમયથી ચિથરેહાલ જોવા મળે છે. અગાઉ અનેકવાર ખોદકામના લીધે ખુંદાયેલી ફુટપાથના ગાબડા પુરવાનુ કામ હાથ ધરવામાં આવતુ નથી જો કે

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના વિતરકોની સામાન્ય સભા યોજાઇ

કોરોના કાળમાં પણ મંડળીએ દૂધ વિતરણની સેવા આપી છે : રીટાબેન પટેલ ● ચૈત્રી નવરાત્રીના પ્રારંભે માતાજી સૌને સદબુદ્ધિ આપે : મેયર ● જે આપણા હક્કનું છે તે આપણે લઈને જ રહીશું : કેતન પટેલ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં દૂધ વિતરણના કાર્યમાં બે સહકારી સંસ્થાઓ વચ્ચે મોટી મડાગાંઠ ઉભી થવા પામી છે. એક તરફ સેકટરોમાં ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી સાથે સંલગ્ન દૂધ વિતરકો છે જેઓ ઘણા સમયથી આ દૂધ વિતરણનું કાર્ય કરી રહ્યાં છે અને બીજી તરફ ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે મધુર ડેરી છે જે જિલ્લામાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે સંકળાયેલી છે. મધુર ડેરી દ્વારા શહેરમાં ૧થી ૩૦ સેક્ટરમાં દૂધ વિતરણ માટે મુવેબલ કન્ટેનર પાર્લર શરૂ કરવાની મંજૂરી મળી હોવાના દાવા સાથે સેક્ટરમાં કન્ટેનર પાર્લર મુકવાનું કામ શરૂ કરાયું હતું. આ મડાગાંઠ વચ્ચે આજે સેક્ટર-૧૨માં ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના વિતરકોની સામાન્ય સભા યોજાઈ હતી જેમાં ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય રીટાબેન પટેલે કહ્યું હતું કે "કોરોના કાળમાં પણ દૂધ મંડળીએ પાટનગરમાં દૂધ વિતરણની સેવા આપી છે મંડળીના વિતરકો દ્વારા શહેરમાં દરેક સ્થિતિમાં કાર્ય કર્યુ છે. તેમના અધિકારોના રક્ષણ માટે અમે કટિબદ્ધ છીએ". આ સાથે મેયર હિતેષ મકવાણાએ માર્મિક રીતે જણાવ્યું હતું કે આજથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થયો છે માતાજી સૌને સદબુદ્ધિ આપે.

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની સમાન્ય સભામાં ચેરમેન દિલીપસિંહ ચૌહાણ સ્વાગત પ્રવચન કરતા કહ્યું હતું કે "વર્ષ ૧૯૭૫થી મંડળી પાટનગરમાં દૂધ વિતરણ સેવામાં કાર્યરત છે. જ્યારે મધુર ડેરીની

● અનુસંધાન પાન-૭ પર

ગરમીના દિવસોની શરૂઆતમાં જ સેકટરોમાં પાણીની પોકાર

સપ્લાયમાં ૨૫ ટકાની ઘટ : સેકટરોમાં પ્રતિદિન સપ્લાય થતા પાણીના સપ્લાયમાં પાંચ થી સાત એમ એલ ડીની ઘટ : નભોઇ પમ્પીંગ સ્ટેશનથી પુરતો સપ્લાય આપવામાં આવતો નથી : ઉનાળો આકરો બનતા પાણીનો પ્રશ્ન વધુ પેચીદો બનશે

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં ઉગતા ઉનાળે કમોસમી વરસાદના લીધે અષાઢી નઝારો નિખર્યો છે. ગરમીના દિવસોની શરૂઆતમાં સેકટરોમાં પાણીનો વપરાશ વધે છે જેને અનુલક્ષી શિયાળાની સાપેક્ષમાં સપ્લાય પણ વધારી દેવામાં આવે છે. જો કે છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં રૂટીન પાણીના સપ્લાયમાં પણ ઘટ પ્રવર્તે છે. ચરેડી અને સરીતા વોટર વર્કસને પુરતો સપ્લાય ન અપાતા સેકટરોમાં ૫ થી ૭ એમ એલ ડી પાણીનો સપ્લાય ઓછો થાય છે. આવા સંજોગોમાં શહેરના નવા અને જુના સેકટરોમાં રોજબરોજ પાણીની પોકાર ઉઠવા પામે છે. આજે પણ શહેરના સેકટરોમાં પુરતા ફોર્સથી અને પુરતા સમય માટે સપ્લાય આપવામાં આવ્યો ન હોવાનો રોષ સ્થાનિકોએ ઠાલવ્યો હતો.

ગાંધીનગરમાં એકબાજુ ભર ઉનાળે વરસાદી મોસમ નિખરી છે. ત્યારે સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. સામાન્ય રીતે ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધતો હોય છે પરંતુ આ વર્ષે હજુ ગરમીની મોસમ નિખરી નથી અલબત્ત ગરમીના દિવસોની શરૂઆતમાં કમોસમી વરસાદની જમાવટ છે. આ સ્થિતિ વચ્ચે પણ સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. શહેરના નવા સેકટરોમાં પણ છેલ્લા ઘણાં સમયથી પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે હાલ જુના સેકટરોમાં પણ જરૂરિયાત સામે ઓછો સપ્લાય આવતા પાણીની બુમ ઉઠવા પામી છે. શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે એકબાજુ ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટે નવી લાઇન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જો કે હજુ આ પ્રોજેકટ પુર્ણ થતા સમય લાગશે. જેના અંતે મીટર પધ્ધતિથી ૨૪ કલાક પાણી મળશે પરંતુ હાલની સ્થિતિએ શહેરમાં રોજ સવાર પડતા જ પાણીની પોકાર ઉઠે છે. સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી આવતુ નથી સપ્લાયની જરૂરિયાત સામે ૭ થી ૮ એમ એલ ડી જથ્થો ઓછો સપ્લાય થતા સેકટરોમાં રહીશોના ઘરમાં અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી પણ પુરતી ભરાતી નથી નભોઇ પમ્પીંગ સ્ટેશનથી ચરેડી અને સરીતા ટાંકીને પુરતુ પાણી સપ્લાય થતુ નથી જુના અને નવા સેકટરોમાં આ બે ટાંકીના આધારે સપ્લાય આપવામાં આવે છે આ ઉપરાંત સેકટરોમાં કાર્યરત બોરનો ઉપયોગ પણ પાણીની લાઇન ભરવા માટે થાય છે આમછતા

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

સ્વ. શ્રી હીરાલાલ એન. ઝાલા
સ્વ. તા.૨૦-૩-૨૦૨૩, સોમવાર

દિલગીરી સાથ જણાવવાનું કે મારા પિતાશ્રી
હીરાલાલ એન. ઝાલાનું
તા.૨૦-૩-૨૦૨૩ સોમવારે સ્વર્ગવાસ થયેલ છે.
સદ્‌ગતનું બેસણું નીચેના સમયે અને સ્થળે રાખેલ છે.

તા.૨૩/૩/૨૦૨૩ને ગુરુવાર
સમયઃ સવારે ૯ થી ૧૨
સ્થળઃ શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ, ગાંધીનગર
શોપિંગ સેન્ટર પાસે, સેક્ટર-૭સી, ગાંધીનગર

દિગ્વિજય એચ. ઝાલા
મો. ૯૦૫૪૭ ૧૯૫૪૧

રાજભવન સ્ટાફ કવાર્ટર્સ તૈયાર કરવાનુ કામ આગામી ઓગષ્ટમાં પૂર્ણ થઇ જશે

ચાર માળના બિલ્ડીંગમાં એક અને બે રૂમના ૧૨૦ યુનિટ તૈયાર કરવામાં આવી રહ્યા છે : આ ઉપરાંત ગેસ્ટ હાઉસ અને બેન્કવેટ હોલ પણ બનાવામાં આવી રહ્યો છે

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરમાં રાજભવન સ્ટાફ ક્વાટર્સ બનાવાની યોજનાનુ કામ હાલ પ્રગતિ હેઠળ છે. સે-૧૯ જીમખાના પાસે સ્ટાફ ક્વાટર્સ તૈયાર કરવામાં આવી રહેલા છે. એક અને બે રૂમના ૧૨૦ યુનિટ તૈયાર કરવાનુ કામ હવે પુર્ણતાના આરે છે. આગામી ઓગષ્ટ મહીના સુધીમાં કર્મચારીઓ માટેના સ્ટાફ ક્વાટર્સ તૈયાર થઇ જશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગરમાં એકબાજુ સરકારી કર્મચારીઓ માટે સેકટરોમાં નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. સેકટરોમાં દાયકાઓ જુના મકાનો તોડીને નવા મકાનો તૈયાર કરવામાં આવી રહ્યા છે. વર્ષોના અંતે જોખમી બનેલા આવાસોનો કડુસલો કરવામાં આવી રહ્યો છે. જયારે રાજભવનના સ્ટાફ માટે પણ નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. સે-૧૯ જીમખાના પાસે રાજભવન સ્ટાફ ક્વાર્ટર્સ માટે ચાર માળનુ નવુ બિલ્ડીંગ બાંધવામાં આવી રહ્યુ છે. રાજભવનના સ્ટાફ માટે નવા આવાસો બાંધવાની

● અનુસંધાન પાન-૭ પર

પડી ગયેલ છે

કેટલાક રૂપિયા સાથે બ્રાઉન કલરનું મોટુ પાઉચ મંગળવાર તા. ૨૧/૩/૨૦૨૩ના રોજ આવકાર કોમ્પલેક્ષ, ૭/ડી, થી ૭/એ રીંગ રોડ - ભારતમાતા મંદિરથી ૨/૭ના કચ સુધીમાં રાત્રે ૮-૩૦ના સમય આસપાસ પડી ગયેલ છે. પરત આપનારને યોગ્ય વળતર અપાશે.

સંપર્ક
૯૮૨૪૦ ૧૩૭૬૪

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
Roff
Birla White
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
જગદીશા સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com